શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

દ્વિતિય વર્ષ

C/o. શ્રી વીરબાઇ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

## [સમ્યગ્જ્ઞાન પરિચય] અભ્યાસ- ૯

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.

**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

*સૌજન્ય :* **સુશ્રાવકવર્ય શ્રી રાયચંદભાઇ હંસરાજ ધરમશી કચ્છ સુથરી હાલ-વરલી**

# સ્તોત્ર-અર્થ રહસ્ય

## ૨. અજિત-શાંતિ સ્તવ (ચાલુ)

**લલિયયં (લલિત) છંદ**

**છત્ત ચામર પડાગ જૂવજવ મંડિઆ,**
**ઝય વર મગર તુરય સિરિવચ્છ સુલંછણા;**
**દિવ સમુદ્દ મંદર દિસા ગય સોહિયા,**
**સત્થિય વસહ સીહ રહચક્ક વરંકિયા. લલિયયં...૩૨**

**વાણવાસિઆ (વનવાસિકા) છંદ**

**સહાવલટ્ઠા, સમપ્પઇટ્ઠા, અદોસદુટ્ઠા ગુણેહિં જિટ્ઠા,**

**પસાયસિટ્ઠા તવેણપુટ્ઠા, સિરીહિં ઈટ્ઠા, રિસીહિં જુટ્ઠા.**
**વાણવાસિઆ....૩૩**

**અપરાંતિકા છંદ**

**તે તવેણ ધુય સવ્વપાવયા, સવ્વ લોઅહિઅ મૂલપાવયા;**
**સંથુયા અજિઅ સંતિપાયયા, હુંતુ મે સિવસુહાણદાયયા.**
**અપરાંતિકા....૩૪**

**શબ્દાર્થ :-**

**છત્ત** –છત્ર
**ચામર** –ચામર
**પડાગ** –પતાકા
**જૂવ** –યુપ / થાંભલો
**જવ** – જવ
**મંડિઆ** –સુશોભિત
**ઝયવર** –ઉત્તમ ધ્વજા
**મગર** –મગર
**તુરય** –ઘોડા
**સિરિવચ્છ** –શ્રીવત્સના
**સુલંછણા** –સારા લાંછનવાળા
**દિવ** – દ્વીપ
**સમુદ્દ** –સમુદ્ર
**મંદર** –મંદરગિરિ
**દિસાગય** –દિગ્ગજ /દિશાઓના હાથીથી
**સોહિયા** – સુશોભિત
**સત્થિય** –સ્વસ્તિક /સાથિયા
**વસહ** –વૃષભ
**સીહ** –સિંહ
**રહચક્ક** – રથના ઉત્તમ ચક્રના
**વરંકિયા** –ચિહ્નવાળા

**સિરિ** –લક્ષ્મી
**વચ્છ** –કલ્પવૃક્ષના
**સુલંછણા** –લાંછનવાળા
**સહાવલટ્ઠા** –સ્વભાવથી શોભાયમાન
**સમપ્પઇટ્ઠા** –સરખી ભૂમિમાં રહેલા
**અદોસદુટ્ઠા** –રાગાદિક દોષથી દુષ્ટ નહિ એવા
**ગુણેહિં** –ગુણોથી
**જિટ્ઠા** –મોટા
**પસાયસિટ્ઠા** – પ્રસાદ /અનુગ્રહથી શ્રેષ્ઠ
**તવેણ** –તપથી
**પુટ્ઠા** –પુષ્ટ
**સિરીહિં** –લક્ષ્મીથી
**ઈટ્ઠા** –ઈષ્ટ
**રિસીહિં** –ઋષિઓએ
**જુટ્ઠા** –સેવેલા
**તે** –તેઓ
**ધુયસવ્વપાવયા** –જેમણે સર્વ પાપ ટાળ્યાં છે.
**તવેણ** –તપથી
**સવ્વલોઅહિય** –સર્વ લોકને હિતકારી મોક્ષના
**મૂલ** –મૂળ જ્ઞાન, દર્શન અને ચારિત્રને
**પાવયા** –પમાડનારા

**સંથુયા** -સ્તવેલા

**અજિઅસંતિપાયયા.** -પૂજ્ય અજિતનાથ અને શાંતિનાથ ભગવાનનાં ચરણો

**હુંતુ** - થાઓ

**મે** -મને

**સિવસુહાણ** -મોક્ષ સુખના

**દાયયા** -આપનારા

ગાથાર્થ :-છત્ર, ચામર, ધ્વજા, યૂપ / સ્તંભ અને જવનાં લક્ષણોથી સુશોભિત, ઉત્તમ ધ્વજ, મગર, અશ્વ અને શ્રીવત્સના લાંછનવાળા, દ્વીપ, સમુદ્ર, મંદરગિરિ અને દિશાઓના હાથીઓથી શોભાયમાન, સ્વસ્તિક, વૃષભ, સિંહ અને રથના ચક્રથી અંકિત (પાઠાંતરે : લક્ષ્મી અને કલ્પવૃક્ષનાં લાંછનવાળા) સ્વભાવે સારા, સરખી ભૂમિમાં રહેલા, દોષથી રહિત, ગુણોમાં મોટા, અનુગ્રહમાં શ્રેષ્ઠ તપમાં પુષ્ટ, લક્ષ્મીમાં ઇષ્ટ અને મુનિઓએ સેવેલા, તેમજ જેમણે તપથી સર્વ પાપને ટાળ્યાં છે એવા, સર્વ લોકના હિતકારી, મોક્ષના મૂળરૂપ જ્ઞાન, દર્શન અને ચારિત્રને પમાડનારા અને સ્તુતિ કરેલા તે પૂજ્ય અજિતનાથ અને શાંતિનાથ ભગવાનનાં ચરણો મને શિવસુખ આપનાર થાઓ.... ૩૨-૩૪

**ગાહા (ગાથા)**

**એવં તવ બલવિઉલં થુઅં, મએ અજિઅસંતિ જિણજુઅલં;**
**વવગય કમ્મરય મલં, ગઈ ગયં સાસયં વિઉલં......૩૫**
**તં બહુગુણ પ્પસાયં, મુક્ખસુહેણ પરમેણ અવિસાયં;**
**નાસેઉ મે વિસાયં, કુણઉ અ પરિસા વિઅ પસાયં...૩૬**
**તંમોએઉ અ નંદિં, પાવેઉ અ નંદિસેણમભિનંદિં;**
**પરિસાવિ ય સુહનંદિં, મમય દિસઉ સંજમે નંદિં. ગાહા... ૩૭**

**શબ્દાર્થ :-**

**એવં** -એ પ્રકારે

**તવબલ વિઉલં** -તપના બળથી વિસ્તારવાળું

**થુઅં** -સ્તવ્યું છે

**મએ** -મેં

**અજિઅસંતિજિણ** -અજિતનાથ અને શાંતિનાથ જિનનું

**જુઅલં** -યુગલ (જોડું)

**વવગય** -ગયું છે

**કમ્મરયમલં** -જેમનો કર્મરૂપી રજનો મળ

**ગઈ ગયં** -ગતિને પામેલું.

**સાસયં** -શાશ્વત / હંમેશની

**વિઉલં** -વિશાળ

**તં** -તે

**બહુગુણપ્પસાયં** -ઘણા ગુણોના પ્રસાદવાળું

**મુક્ખસુહેણ** -મોક્ષના સુખથી

**પરમેણ** -ઉત્કૃષ્ટ

**અવિસાયં** -ભેદ રહિત
**નાસેઉ** -નાશ કરો
**મે** -મારો
**વિસાયં** -ખેદને
**કુણઉ** -કરો
**અ** -અને
**પરિસાવિ** -સભા પણ
**પસાયં.** -પ્રસાદને
**મોએઉ** -હર્ષ પામો
**નંદિં** -સમૃદ્ધિને
**પાવેઉ** -પ્રાપ્ત કરો
**નંદિસેણં** - નંદિષેણ કવિને
**અભિનંદિં** -સમૃદ્ધિને
**સુહનિંદિ** -સુખની વૃદ્ધિને
**દિસઉ** -આપે
**સંજમે** -સત્તર પ્રકારના સંયમમાં
**નંદિં** -આનંદને

ગાથાર્થ :-તપના બળના વિસ્તારવાળુ, જેમનાં કર્મરૂપ રજ તથા મળ નાશ પામ્યાં છે, અને શાશ્વત તથા વિશાળ સુખવાળી ગતિને પામેલું શ્રી અજિતનાથ તથા શાંતિનાથ ભગવાનનું જોડલું મેં એ પ્રકારે સ્તવ્યું છે.... ૩૫

ઘણા ગુણોના પ્રસાદવાળું, ઉત્કૃષ્ટ મોક્ષના સુખથી ખેદ રહિત અજિતનાથ અને શાંતિનાથ ભગવાનનું જોડલું મારા ખેદને નાશ કરો, અને તેમના ગુણોને સાંભળનારી આ સભા પણ મારી ઉપર પ્રસાદ / અનુગ્રહ કરો... ૩૬

તે અજિતનાથ-શાંતિનાથ ભગવાનનું જોડલું મને હર્ષ આપો... આ સ્તવન કરનાર નંદિષેણ કવિને સમૃદ્ધિ અથવા આનંદ પમાડો. આ સભાને પણ સુખની વૃદ્ધિ આપો અને મને સંયમમાં આનંદ આપો.. ૩૭



# શ્રી ગણધરવાદ (ચાલુ)

## શ્રી મેતાર્યસ્વામી

**આધાર ગ્રંથ - શ્રી કલ્પસૂત્ર : અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિ મ.સા. તથા સચિત્ર ગણધરવાદ : પ.પૂ. અરૂણવિજયજી મ.સા.**

વત્સભૂમિ તુંગિયસન્નિવેશ નગરીના કૌંડિન્યગોત્રના પ્રસિદ્ધ વિદ્વાન બ્રાહ્મણ શ્રી દત્તવિપ્રના ઘરે દસમા ગણધરનો જન્મ થયો હતો. વરૂણાદેવી માતાએ અશ્વિનિ નક્ષત્રના શુભયોગમાં આ તેજસ્વી બાળકને જન્મ આપ્યો હતો. માતા-પિતાએ મેતાર્ય (મેતારજ) એવું તેમનું નામકરણ કર્યું હતુ.. પુરૂં નામ મેતાર્ય દત્તવિપ્ર કૌડિન્ય હતુ... બ્રાહ્મણકુલ પ્રમાણે તેઓ અધ્યયન અધ્યાપનમાં લાગ્યા અને વિદ્યા એજ બ્રાહ્મણ કુલનું ધન છે એમ સમજીને અભ્યાસ ખુબ કર્યો... નિઘંટુ, છંદ, પુરાણ, ન્યાય-દર્શન, તર્કશાસ્ત્ર તથા વેદ વેદાન્ત આદિનો અભ્યાસ કરીને તેઓ એક ઠોષ વિદ્વાન અધ્યાપક બન્યા... અધ્યાપકના વ્યવસાયમાં તેમનાં ૩૦૦ શિષ્યો થયા હતા. શાસ્ત્રાર્થ -ચર્ચામાં તેઓ ભાગ લેતા હતા.


સોમિલવિપ્રના આમંત્રણથી તેઓ પણ યજ્ઞમાં ભાગ લેવા ખાસ અપાપાપુરી પોતાના ૩૦૦ શિષ્યો સાથે પધાર્યા હતા અને ઘણાં વિદ્વાનોના સંશય શ્રી મહાવીરપ્રભુ પાસે છેદાયા છે. એમ જાણીને તેઓ પણ પોતાના શિષ્ય પરિવાર સાથે સમવસરણે ગયા. **''વિજ્ઞાન ધન** ઇત્યાદિ વેદપદનો અર્થ ખોટો કરતા પરલોક જેવુ કંઇ છે જ નહીં એવી તેમની માન્યતા મનમાં ઘર કરી ગઇ હતી.. પરલોકની સત્તા અને અસ્તિત્વ તેઓ માનવા તૈયાર નહોતા. તો પછી આત્માનું પરલોકમાં ગમન-આગમન માનવાની વાત જ ક્યાં રહી. પરલોક ગમનાગમન ન માનવામાં આવે તો પૂર્વજન્મ અને પુનર્જન્મનો પણ મોટો પ્રશ્ન ઉપસ્થિત થાય.

પોતાના ત્રણસો શિષ્યો સાથે મેતાર્ય પંડિત પ્રભુ પાસે આવ્યો. પ્રભુએ તેને કહ્યું કે, ''હે મેતાર્ય ! **''વિજ્ઞાનઘન એવૈતેભ્યો''** એ વેદ પદથી તને પરલોક વિષે શંકા થઇ છે. તે બરાબર નથી એમ કહીને પ્રભુએ એ પદોનુંવિસ્તારથી વિવેચન કરી સંભળાવ્યું, અને કહ્યું કે, **''નારકો વૈ એષ જાયતેયઃ શુદ્રાન્નમશ્નાતિ''** તથા **''સએષયજ્ઞાયુધી યજમાનોંડ જસા સ્વર્ગલોકંગચ્છતિ''** આ વેદ પદોનો વિચાર કર. આ વેદ પદોજ પરલોકની સિદ્ધિ કરી બતાવે છે. કારણ કે, એ વેદ પદોમાં એમ કહેલ છે કે જે બ્રાહ્મણ શુદ્રના અન્નને ખાય છે તે નારકી થાય છે, તથા તે આ યજ્ઞ રૂપી આયુધવાળો યજમાન શીઘ્રતાથી સ્વર્ગલોકમાં જાય છે. તેથી આ પદોનો વિચાર કરીને પરલોકના અસ્તિત્વનો સ્વીકાર કર. પ્રભુના આ મીઠાં વચનોને સાંભળીને સંશય નાશ પામવાથી પ્રતિબોધ પામી પોતાના ત્રણસો વિદ્યાર્થી શિષ્યો સહિત વિનીત ભાવે પ્રભુચરણોમાં નમી પડી પ્રભુ પાસે દીક્ષા લઇ મેતાર્ય પંડિત પ્રભુના શિષ્ય થયા.

મેતાર્ય ને વાસ્તવિકતા સમજાઇ ગયા પછી તેઓ પક્કડ રાખનારા વક્ર નહોતા. સરલ અને નમ્ર સ્વભાવી મેતાર્યે તુરંત પોતાની શંકાનું સમાધાન થતા શ્રી મહાવીરના ચરણે જીવન સમર્પિત કરી દીધું... અને ૩૬ વર્ષની યુવાન વયે તેઓએ ગૃહસ્થાશ્રમ છોડીને સાધુત્વ સ્વીકાર કર્યું... ૩૦૦ શિષ્યો સાથે તેઓ સાચા સાધુ અણગાર બન્યા અને દશમાં ગણધરપદે બિરાજમાન થયા.

૨૬ વર્ષના ચારિત્ર પર્યાયમાં તેઓશ્રી ૧૦ વર્ષ સુધી છદ્માસ્થાવસ્થામાં રહ્યા. ત્રિપદીપામી દ્વાદશાંગીની રચના કરી. ચૌદ પૂર્વી થયા અને ઉંમરના ૪૬ માં વર્ષે તેઓશ્રી મોહનીયાદિ ચારઘાતી કર્મો ખપાવીને કેવળજ્ઞાન-કેવળદર્શન પામ્યા. સર્વજ્ઞ સર્વદર્શી બન્યા. અને ૧૬ વર્ષ તેઓ કેવળી તરીકે વિચર્યા ચોથા આરામાં જન્મેલા અને વજ્રઋષભનારાચ સંઘયણ તથા સમચતુરસ્રસંસ્થાન યુક્ત શરીર ધરાવતા તેઓશ્રી ઉંમરના ૬૨ માં વર્ષે શિષ્યો સાથે રાજગૃહી પધાર્યા. તેમની શિષ્યસંતતિની પરંપરા ન ચાલી. અન્તે ૧ માસના નિર્જલ ઉપવાસપૂર્વક સંલેષણા કરીને પાદપોગમન અનશન કરી ભગવાન મહાવીરની પહેલા તેમની હયાતીમાજ નિર્વાણપદ પામ્યા. મોક્ષે સિધાવ્યા. સંસારથી મુક્ત થયા.

## જંબુદ્વીપ નદીઓ



# (લઘુસંગ્રહણી) જૈન ભૂગોળ

## નદીઓ

- આ. હરિભદ્રસૂરિ મ.

જંબૂદ્વીપના સરોવરોની વાત જણાવ્યા પછી હવે જંબૂદ્વીપની મુખ્ય શાશ્વત નદીઓનો પરિચય કરાવે છે.

પ્રથમ ભરત અને ઐરાવત ક્ષેત્રની નદીઓની વાત જણાવતાં કહે છે-

**गंगा सिंधू रत्ता, रत्तवई चउ नईओ पत्तेयं ।**
**चउदसहिं सहस्से हिं, समगं वच्चंति जलहिंमि ।।२१।।**

ગંગા, સિંધુ રક્તા, અન રક્તવતી આ ચાર નદીઓ દરેક ચૌદ ચૌદ હજાર સાથે સમુદ્રમાં જાય છે.

ભરતક્ષેત્રમાં ગંગા અને સિંધુ આ બે મહાનદીઓ છે તો

ઐરાવતક્ષેત્રમાં રક્તા અને રક્તવતી આ બે મહાનદીઓ છે.

ભરતક્ષેત્રની ગંગા અને સિંધુ નદીઓ લઘુ હિમવંતની ઉપરના પદ્મદ્રહમાંથી નિકળે છે. ગંગાનદી પૂર્વ તરફથી નિકળે છે સિંધુ નદી પશ્ચિમ તરફથી નિકળે છે બન્ને નદીઓને માર્ગમાં નાની-નાની ચૌદ હજાર નદીઓ મળે છે. આ ચૌદ હજાર નદીઓ સાથે ગંગા-સિંધુ નદીઓ અનુક્રમે પૂર્વ અને પશ્ચિમ તરફ લવણ સમુદ્રને મળે છે.

વૈતાઢ્ય પર્વત ભરત ક્ષેત્રના ઉત્તર-દક્ષિણ બે વિભાગ કરે છે. જ્યારે આ બે નદીઓ (ગંગા-સિંધુ) આ બે વિભાગના ત્રણ-ત્રણ વિભાગ કરે છે જેથી છ ખંડ થાય છે.

એવી જ રીતે ઐરાવત ક્ષેત્રમાં રક્તા અને રક્તવતી નદીઓ શિખરી પર્વતના ઉપરના પુંડરિક હ્રદમાંથી નિકળે છે. રક્તાનદી પૂર્વ તરફથી (ત્યાંના સુર્યોદયની અપેક્ષાએ પશ્ચિમથી) અને રક્તવતી નદી પશ્ચિમ તરફથી (ત્યાંના સુર્યોદયની અપેક્ષાએ પૂર્વથી) નીકળે છે. બન્ને નદીઓને માર્ગમાં નાની-નાની ચૌદ હજાર નદીઓ મળે છે. આ ચૌદ હજાર નદીઓ સાથે રક્તા-રક્તવતી નદીઓ પણ લવણ સમુદ્રને મળે છે.

આ બે નદીઓ પણ વૈતાઢ્ય સાથે ઐરાવત ક્ષેત્રને છ ખંડમાં વિભાજીત કરે છે.

**एवं अब्भिंतरिया, चउरो पुण अट्ठवीससहस्सेहिं ।**
**पुणरवि छप्पन्नेहिं, सहस्सेहिं जंति चउ सलिला ।।२२।।**

આ પ્રકારે અંદર પ્રદેશની ચાર નદીઓ અટ્ઠ્યાવીશ અટ્ઠયાવીશ હજાર સાથે અને ચાર નદીઓ છપ્પન -છપ્પન હજારની સાથે જાય છે.

ક્ષેત્રના સામાન્યતાથી ત્રણ વિભાગ કરવામાં આવ્યા છે-

**(૧)બાહ્ય ક્ષેત્ર -** જેમાં ભરત અને ઐરાવત ક્ષેત્રનો સમાવેશ થાય છે જે જંબૂદ્વીપના બે છેડે (ઉત્તર-દક્ષિણ) રહેલા છે.

(૨) **મધ્ય ક્ષેત્ર -** જેમાં મહાવિદેહ ક્ષેત્રનો સમાવેશ થાય છે જે જંબૂદ્વીપના બરાબર મધ્યમાં છે.

(૩) **અભ્યંતર ક્ષેત્ર-** જેમાં હિમવંત, હિરણ્યવંત, હરિવર્ષ અને રમ્યક્ક્ષેત્રનો સમાવેશ થાય છે. આ ક્ષેત્ર મધ્ય અને બાહ્ય ક્ષેત્રની વચ્ચે છે. ભરત અને મહાવિદેહની વચ્ચે તથા ઐરાવત અને મહાવિદેહની વચ્ચે આ અભ્યંતર ક્ષેત્ર રહેલા છે. અભ્યંતર ક્ષેત્રમાં વહેતી નદીઓ પણ અભ્યંતર નદીઓ કહેવાય છે.

હિમવંતક્ષેત્રમાં રોહિતા અને રોહિતાંશા બે નદીઓ ૨૮૦૦૦ નાની -નાની નદીઓ સાથે અનુક્રમે પૂર્વ તરફથી અને પશ્ચિમ તરફથી લવણ સમુદ્રને મળે છે.

હિરણ્યવંત ક્ષેત્રમાં સુવર્ણકલા અને રુપ્યકુલા બે નદીઓ ૨૮૦૦૦ નાની-નાની નદીઓ સાથે અનુક્રમે પૂર્વ તરફથી અને પશ્ચિમ તરફથી લવણ સમુદ્રને મળે છે.

હરિવર્ષ ક્ષેત્રમાં હરિસલિલા-હરિકાન્તા બે નદીઓ ૫૬૦૦૦ નાની-નાની નદીઓ સાથે અનુક્રમે પૂર્વ તરફથી અને પશ્ચિમ તરફથી લવણ સમુદ્રને મળે છે.

રમ્યક્ક્ષેત્રમાં નરકાન્તા અને નારીકાન્તા બે નદીઓ ૫૬૦૦૦ નાની -નાની નદીઓ સાથે અનુક્રમે પૂર્વ તરફથી અને પશ્ચિમ તરફથી લવણ સમુદ્રને મળે છે. (જુઓ ચિત્ર પાના નં.૬ ૫૨)

## મહાવિદેહ ક્ષેત્રની નદીઓ

બાહ્ય અને અભ્યંતર ક્ષેત્રની નદીઓની વિચારણા કર્યા પછી હવે આપણે મહાવિદેહ ક્ષેત્રની નદીઓની વિચારણા કરીશું...

**कुरुमज्झे चउरासी - सहस्साइं तहय विजयसोलससु ।**
**बत्तीसाइण नईणं, चउदस सहस्साइं पत्तेअं (यं) ।।२३।।**

કુરુક્ષેત્રમાં ૮૪૦૦૦ તથા સોળ વિજયોની ૩૨ નદીઓને પ્રત્યેકને ચૌદ હજારનો પરિવાર છે.

મહાવિદેહ ક્ષેત્ર બે વિભાગોમાં વિભાજીત છે. પૂર્વ મહાવિદેહ અને પશ્ચિમ મહાવિદેહ. ભરતક્ષેત્રમાં જેમ ગંગા સિંધુ બે નદીઓ મુખ્ય છે તેમ મહાવિદેહ ક્ષેત્રમાં સીતા અને સીતોદા નદીઓ મુખ્ય છે. સીતા પૂર્વ તરફ લવણ સમુદ્રને મળે છે જ્યારે સીતોદા પશ્ચિમ મહાવિદેહમાં થઇને પશ્ચિમ તરફ લવણસમદ્રને મળે છે. મહાવિદેહના પૂર્વ વિભાગમાં ૧૬ વિજયો છે એનીૉ૩૨ નદીઓ (પ્રત્યેકની બે-બે) છે. દરેકનો પરિવાર ૧૪૦૦૦ નો છે આ બધી નદીઓ પૂર્વની સીતા નદીને મળે છે.

૧૬×૨×૧૪૦૦૦=૩૨×૧૪૦૦૦ = ૪૪૮૦૦૦
+ ૦૮૪૦૦૦ (ઉત્તર કુરુ ક્ષેત્રની)
(આવી જ ગણત્રી સીતોદાની સમજવી) ૫,૩૨,૦૦૦

એથી સીતા નદી નીલવંત પર્વત ઉપર રહેલા કેસરી દ્રહમાંથી નિકળી સીતા પ્રપાતમાં પડીને ઉત્તરકુરુમાં વહીને મેરૂપર્વતને વળાંક વળી ઉપર જણાવેલા ૫,૩૨,૦૦૦ નદીઓના પરિવાર સાથે પૂર્વમાં લવણસમુદ્રને મળે છે.

એવી જ રીતે સીતોદા નદી નિષધ પર્વત ઉપર રહેલા તિગિચ્છ દ્રહમાંથી નિકળી સીતોદાના પ્રપાતમાં

પડીને દેવકુરુમાં વહીને મેરૂપર્વતને વળાંક વળી ઉપર જણાવેલા ૫,૩૨,૦૦૦ નદીઓના પરિવાર સાથે પશ્ચિમમાં લવણસમુદ્રને મળે છે.

મહાવિદેહના ૧ થી ૮ અને ૧૭ થી ૨૪ (કચ્છ આદિ ૮, પદ્મ આદિ ૮) આ સોળ વિજયોમાં જે પ્રત્યેક વિજયની બે મુખ્ય નદીઓ છે તે ગંગા અને સિંધુના નામે ઓળખાય છે.

મહાવિદેહના ૯ થી ૧૬ અને ૨૫ થી ૩૨ (વત્સ આદિ ૮, વપ્ર આદિ ૮) આ સોળ વિજયમાં જે પ્રત્યેક વિજયની બે મુખ્ય નદીઓ છે તે રક્તા અને રક્તવતીના નામે ઓળખાય છે.

૮ ગંગા, ૮ સિંધુ, ૮ રક્તા, ૮ રક્તવતી એ ૩૨ નદીઓ પૂર્વમાં સીતા નદીને, અને

૮ ગંગા, ૮ સિંધુ, ૮ રક્તા, ૮ રક્તવતી અને ૩૨ નદીઓ પશ્ચિમમાં સોતોદા નદીને પોત પોતાના પરિવારો સાથે મળે છે.

## મતાન્તર

**चउदससहस्सगुणिया, अडतीस नइओ विजयमज्झिल्ला ।**
**सीओयाए निवडंति, तहय सीयाइं एमेव ।।२४।।**

ચૌદ હજારે ગુણેલી વિજયોની આડત્રીસ નદીઓ સીતોદામાં પડે છે અને એજ પ્રમાણે સીતામાં પણ પડે છે.

પૂર્વના ગાથામાં ૮૪૦૦૦ નદીઓ કુરુક્ષેત્રની ગણવામાં આવી છે જ્યારે અહીં એ નદીઓ ૬ આંતર નદીઓના ૧૪૦૦૦ નો પરિવાર ગણવામાં આવેલ છે.

**सीया सीओया वि य, बत्तीस सहस्स पंचलक्खेहिं ।**
**सव्वे चउदस लक्खा, छप्पन सहस्स मेलविया ।।२५।।**

પાંચ લાખ, બત્રીસ હજાર, નદીઓ સાથે સીતા અને સીતોદા વહે છે. કુલ સરવાળો ચૌદ લાખ, છપ્પન હજાર થાય છે.

હમણાં સુધી આપણે કરેલી નદીઓની ગણત્રીનો અહીં સરવાળો કરવાનો છે-

| | | |
|---|---|---|
| બાહ્ય ક્ષેત્રમાં - | (અ) ભરત ક્ષેત્રની- (ગંગા - સિંધુ) - | ૦૨૮,૦૦૦ |
| | (બ) ઐરાવત ક્ષેત્રની - (રક્તા-રક્તવતી)- | ૦૨૮,૦૦૦ |
| અભ્યંતર ક્ષેત્રમાં - | (અ) ચાર નદીઓ - (હિમવંત-હિરણ્યવંતમાં) | ૧,૧૨,૦૦૦ |
| | (બ) ચાર નદીઓ - (હરિવર્ષ-રમ્યક્ક્ષેત્ર)- | ૨,૨૪,૦૦૦ |
| મધ્યક્ષેત્રમાં - | (અ) સીતા નદી - - | ૫,૩૨,૦૦૦ |
| | (બ) સીતોદા નદી - - | ૫,૩૨,૦૦૦ |
| | | ૧૪,૫૬,૦૦૦ |

# કર્મવિજ્ઞાન

(આધાર ગ્રંથ - ''કર્મ વિપાક'' (પ્રથમ કર્મગ્રંથ)
આ. દેવેન્દ્રસૂરિ મ.

## નામ કર્મ (ચાલુ...)

### સંઘયણ નામ કર્મ

रवि-बिंबे उ जीअंगं, ताव जुअं आयवाउ न उ जलणे ।
जमुसिण फासस्स तहिं, लोहिअण्णस्स उदउत्ति ।। ४५ ।।

ગાથાર્થ -સૂર્યના બિંબમાંના જ જીવનું શરીર તાપવાળું લાગે છે તે આતપ નામ કર્મના ઉદયથી હોય છે. પરંતુ અગ્નિકાયમાં તેનો ઉદય નથી હોતો કેમકે ત્યાં તો ઉષ્ણસ્પર્શ નામ કર્મ અને લાલવર્ણ નામ કર્મનો ઉદય હોય છે.

જે કર્મના ઉદયે જીવનું શરીર સ્વયં અનુષ્ણ (શીતલ) હોય છતાં તે ઉષ્ણ પ્રકાશને આપે તે **આતપ નામ કર્મ** છે.

સૂર્યના વિમાનરુપ રહેલા બાદર-પર્યાપ્ત પૃથ્વીકાય જીવોને આતપ નામકર્મનો ઉદય હોય છે. તે સ્વયં શીતલ છે પરંતુ ઉષ્ણ પ્રકાશને આપે છે.

અગ્નિકાયના જીવો સ્વયં ઉષ્ણ છે તેથી ત્યાં આતપ નામ કર્મનો ઉદય નથી. પરંતુ ઉષ્ણનામ કર્મ અને રક્ત વર્ણ નામ કર્મનો ઉદય છે.

अणुसिण-पयास-रुवं जिअंगमुज्ञोअए इहुज्ञोआ ।
जइ-देवुत्तर विक्किअ, जोइस-खज्ञोअ माइव्व ।।४६।।

સાધુનું વૈક્રિય-દેવનું ઉત્તર વૈક્રિય શરીર, ચંદ્રાદિ જ્યોતિષ્ક દેવો અને આગિયા વિગેરેની જેમ જે જીવોનું શરીર ઉદ્યોત નામકર્મના ઉદયથી ઠંડા પ્રકાશ સ્વરુપે ચમકે છે.

જે કર્મના ઉદયથી જીવનું અનુષ્ણ શરીર ઠંડો પ્રકાશ કરે છે તે **ઉદ્યોત નામ કર્મ**

દા. ત. સાધુનું વૈક્રિય -દેવોનું ઉત્તર વૈક્રિય શરીર, ચંદ્ર-ગ્રહ, નક્ષત્ર, તારા વિગેરેમાં રહેલા પૃથ્વીકાય બાદર-પર્યાપ્ત જીવો, આગિયો (ચઉરિન્દ્રિય જીવ) મણિ, રત્ન વિગેરે.

अंग न गुरु न लहुअं, जायइ जीवस्स अगुरु लहु उदया ।
तित्थेण तिहुअणस्स वि, पुज्ञो से उदओ केवलिणो ।।४७।।

અગુરુલઘુ નામ કર્મના ઉદયથી જીવનું શરીર ભારે પણ ન થાય અને હલકું પણ ન થાય.

તીર્થંકર નામકર્મના ઉદયથી ત્રણ ભુવનને પૂજ્ય થાય. તેનો ઉદય શ્રી કેવળજ્ઞાની ભગવંતોને હોય

છે.

વિશ્વના જીવોને પોતાનું શરીર ન તો ભારે લાગે છે, ન તો હલકું લાગે છે.

ન હાથીને પોતાનું શરીર ભારે લાગે છે...

ન તો કિડીને પોતાનું શરીર હલકું લાગે છે.

જે કર્મના ઉદયથી જીવનું શરીર ગુરુ (ભારે) નહીં, લઘુ (હલકું) નહીં, ગુરુ લઘુ નહી પણ અગુરુ લઘુ થાય તે **અગુરુલઘુ નામ કર્મ** છે.

જે કર્મના ઉદયથી આઠ મહાપ્રતિહાર્યાદિ અતિશયોની પ્રાપ્તિ થાય છે, ત્રણ ભુવનને પૂજ્ય બને છે અને પૂજનીય ધર્મતીર્થ પ્રવર્તાવે તે **તીર્થંકર નામકર્મ** છે.

તીર્થંકર નામકર્મનો ઉદય છદ્મસ્થને ન હોય એનો ઉદય કેવલજ્ઞાન પ્રાપ્તિ પછી જ થાય છે.

**अंगोवंगनिअमणं, निम्माणं कुणइ सुत्तहारसमं ।**
**उवघाया उवहम्मइ, सतणुवयवलंबिगाई हिं ।।४८।।**

નિર્માણ નામકર્મ સુતારની જેમ જ્યાં જ્યાં જોઇએ ત્યાં ત્યાં બરાબર અંગોપાંગોની ગોઠવણ કરે છે.

ઉપઘાત નામકર્મના ઉદયથી પોતાના શરીરનાજ પડજીભી  વગેરે અવયવો વડે દુઃખી થાય છે.

સુથારના હાથ નીચેના કારીગર નાના-નાના ટુકડાઓ ઘડી આપે પરંતુ એને યથાયોગ્ય સ્થાને જોડવાનું કામ જેમ મુખ્ય સુથાર કરેછે તેવી જ રીતે અંગોપાંગ નામકર્મ જુદા જુદા અંગોપાંગની રચના કરે આપે પરંતુ હાથ-પગ-આંખ-કાન આદિને યથાયોગ્ય સ્થાને જોડવાનું કાર્ય નિર્માણ નામ કર્મ કરે છે.

અંગ, ઉપાંગ અને અંગોપાંગની નિયત સ્થાને રચના કરે તે **નિર્માણ નામકર્મ** છે.

જે કર્મના ઉદયથી પોતાના શરીરના અવયવોથી પોતે જ દુઃખી થાય... હણાય તે **ઉપઘાત નામકર્મ** છે.

દા. ત. રસોળી, પડજીભી, હરસ, મસા, છ આંગળી, ચોર દાંત વિગેરે.

ગળેફાંસો, ઝંપાપાત, બળી મરવું, આપઘાત કરવો આમાં પણ પોતાનું શરીર જ દુઃખનું કારણ થતું હોવાથી ઉપઘાત નામકર્મનો ઉદય જ જાણવો.

**बि-ति-चउ पणिंदिअ तसा, बायरओ बायरा जीआ थूला ।**
**निअ निअ-पज्जत्ति-जुआ, पज्जत्ता लद्धि-करणेहिं ।।४९।।**

ગાથાર્થ :- ત્રસ નામકર્મના ઉદયથી બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરિન્દ્રિય-પંચેન્દ્રિય થાય છે.

બાદર નામકર્મના ઉદયથી જીવો બાદર એટલે સ્થૂલ થાય છે.

પર્યાપ્ત નામકર્મના ઉદયથી જીવો લબ્ધિ અને કરણ વડે કરીને પોતપોતાની પર્યાપ્તિવાળા થઇ શકે છે.

જે કર્મના ઉદયથી ત્રસપણું પ્રાપ્ત થાય તે **ત્રસ નામકર્મ** છે.

ત્રસ પણું એટલે કોઇ પણ વિપત્તિ આવતાં અથવા તાપાદિકની પીડા  આવતાં એક સ્થાનેથી બીજા

સ્થાને સ્વેચ્છાપૂર્વક જઇ શકે તેવા શરીરની પ્રાપિત. દા. ત. બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય જીવો.

જે કર્મના ઉદયથી બાદરપણું પ્રાપ્ત થાય તે **બાદર નામકર્મ** છે.

બાદર એટલે ચક્ષુગ્રાહ્ય (આંખોથી જોઇ શકાય એવા) શરીરવાળો.

એક-અનેક-સંખ્યાત-અસંખ્યાત-અનંત પણ શરીર ભેગા મળીને જો આંખોથી જોઇ શકાય તે બાદર કહેવાય.

જે કર્મના ઉદયથી પોતાની સ્વયોગ્ય પર્યાપ્તિ પુરી કરવામાં સમર્થ થાય તે **પર્યાપ્ત નામકર્મ** છે.

પર્યાપ્ત જીવોના બે ભેદ છે- (૧) લબ્ધિ પર્યાપ્તા (૨) કરણ પર્યાપ્તા.

જે જીવની જેટલી પર્યાપ્તિ કહી છે તેટલી પૂરી કરીને મરશે તે **લબ્ધિ પર્યાપ્ત** છે.

જે જીવે સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ કરી છે તે **કરણ પર્યાપ્ત** છે.

જે જીવ હજી અપર્યાપ્ત છે પણ નિશ્ચિત પર્યાપ્તિ પૂરી કરશે તે **કરણ અપર્યાપ્ત** છે.

**पत्ते अ तणू पत्ते, उदएणं दंत- अट्ठिमाइ थिरं ।**
**नाभूवरि सिराइ सुहं, सुभगाओ सव्व-जण-इट्ठो ।।५०।।**

ગાથાર્થ :- પ્રત્યેક નામકર્મના ઉદયથી જી વ પ્રત્યેક શરીરવાળો થાય છે.

દાંત - હાડકાદિ સ્થિર પ્રાપ્ત થાય છે.

નાભિ ઉપરના મસ્તક વગેરે શુભ ગણાય છે.

સૌભાગ્ય નામ કર્મના ઉદયથી સહુને વહાલો લાગે છે.

એક શરીરમાં અનંત જીવ તે સાધારણ (વનસ્પતિકાય)

એક શરીરમાં એક જીવ તે પ્રત્યેક.

જે કર્મના ઉદયથી પ્રત્યેક (જીવવાર ભિન્ન ભિન્ન) શરીરની પ્રાપ્તિ થાય છે તે **પ્રત્યેક નામ કર્મ** છે.

જે કર્મના ઉદયથી શરીરમાં સ્થિર અવયવોની પ્રાપ્તિ થાય છે તે **સ્થિર નામકર્મ** છે. દા. ત. દાંત, હાડકા વિગેરે.

જે કર્મના ઉદયથી નાભિ ઉપરના મસ્તકાદિ શુભ (જેના સ્પર્શવડે કોઇને અપ્રીતિ ન થાય) અવયવોની પ્રાપ્તિ થાય છે તે **શુભ નામ કર્મ** છે.દા. ત. - હાથ, મસ્તક વિગેરે.

જે કર્મના ઉદયથી બીજા ઉપર ઉપકાર ન કરવા છતાં સહુને વહાલો લાગે તે **સૌભાગ્ય નામકર્મ** છે.

**सुसरा महुरसुहझुणी, आइज्ञा सव्वलोअगिज्झवओ ।**
**जसओ जसकि त्तीओ, थावरदसगं विवज्ञत्थं ।।५१।।**

ગાથાર્થ :- સુસ્વર નામકર્મના ઉદયથી મીઠા અને સુખકર આવાજવાળો થાય.

આદેય નામકર્મના ઉદયથી દરેક માણસોને માન્ય વચનવાળો થાય.

યશ નામકર્મના ઉદયથી યશ અને કીર્તિ થાય.

સ્થાવર દશકથી વિપરીત અર્થમાં સમજવું.

જે કર્મના ઉદયથી મીઠા-મધુર અને સર્વ જીવોને સુખકારી સ્વરની પ્રાપ્તિ થાય છે તે **સુસ્વર નામકર્મ** છે. દા. ત. કોયલ.

જે કર્મના ઉદયથી સર્વ લોકોને માન્ય વચનની પ્રાપ્તિ થાય છે. અથવા જે કર્મના ઉદયથી સર્વ લોકો તેના વચનને માન્ય કરે છે. તે **આદેય નામકર્મ** છે.

જે કર્મના ઉદયથી સર્વત્ર યશ-કીર્તિ ફેલાય તે **યશ નામકર્મ** છે.

ઉપરોક્ત ત્રણ ગાથામાં (૪૯-૫૦-૫૧) આપણે ત્રસ દશકની દસ પ્રકૃતિઓ જાણી. સ્થાવર દશક એનાથી વિપરીત છે. સ્થાવર દશકનો સંક્ષિપ્ત પરિચય નીચે મુજબ છે-

## સ્થાવર દશક

જે કર્મના ઉદયથી સ્થાવર પણું પ્રાપ્ત થાય તે **સ્થાવર નામકર્મ** દા.ત.એકેન્દ્રિય, પત્થર, પાણી વિગેરે.

જે કર્મના ઉદયથી સૂક્ષ્મપણું પ્રાપ્ત થાય તે **સૂક્ષ્મ નામકર્મ** દા. ત. અનંત ભેગા થાય તો પણ ચક્ષુથી જોઇ શકાય નહીં.

જે કર્મના ઉદયથી સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી કરવા સમર્થ ન થાય તે **અપર્યાપ્ત નામકર્મ.**

જે કર્મના ઉદયથી જીવને સાધારણ શરીર પ્રાપ્ત થાય તે **સાધારણ નામકર્મ.** (અનંતાજીવ ભેગા મળે પણ એક જ શરીર મળે) દા.ત. બટાટા, કાંદા, ગાજર, મુળો વિગેરે.

જે કર્મના ઉદયથી અસ્થિર અવયવોની પ્રાપ્તિ થાય તે **અસ્થિર નામ કર્મ** દા. ત. કાન, પાંપણ, જીભ, હાથ-પગની શિથિલ સંધિ.

જે કર્મના ઉદયથી નાભિથી નીચેના પગ સુધીના (અશુભ) અવયવોની પ્રાપ્તિ થાય છે તે **અશુભ નામકર્મ.**

જે કર્મના ઉદયથી બધાને જ અળખામણો થાય છે તે **દુર્ભગ નામ કર્મ.**

જે કર્મના ઉદયથી ક્રૂર-ન ગમે એવા કર્કશ સ્વરની પ્રાપ્તિ થાય છે તે **દુઃસ્વર નામકર્મ.**

જે કર્મના ઉદયથી સાચું-સારું અને હિતકર વચન પણ કોઇ માને નહીં તે **અનાદેય નામકર્મ.**

જે કર્મના ઉદયથી સર્વત્ર અપયશ અને અપકીર્તિ પામે તે **અપયશ નામકર્મ.**

## ગોત્ર કર્મ

**गोअं दुहुच्च-नीअं कुलाल इव सुघड -भुंभला-ऽऽइअं ।**
**विग्धं दाणे लाभे भोगुवभोगेसु वीरिए अ ।। ५२ ।।**

ગાથાર્થ :- જેમ કુંભાર સારા ઘડા અને ભુંભલા પણ બનાવે તેમ ગોત્ર કર્મ ઉચ્ચ અને નીચ એમ બે પ્રકારના છે. દાન-લાભ-ભોગ-ઉપભોગ અને વીર્યમાં વિઘ્ન કરે છે.

ગોત્ર કર્મ બે પ્રકારે છે-

(૧) ઉચ્ચ ગોત્ર કર્મ અને (૨) નીચ ગોત્ર કર્મ.

આ ગોત્ર કર્મ કુંભાર સમાન છે.

કુંભાર દુધ વિગેરે માટે સુઘટ-સારા-સુંદર ઘડા પણ બનાવે અને મદિરા (દારૂ) વિગેરે માટે કુઘટ-ભુંભલા પણ બનાવે છે. તેવી જ રીતે કર્મની સત્તા જીવને ઉચ્ચ કે નીચ ગોત્ર અપાવે છે. ઉચ્ચ-નીચ બનાવે છે.

જે કર્મના ઉદયથી ઉચ્ચ ગોત્રમાં જન્મ મળે તે **ઉચ્ચ ગોત્રકર્મ.**

જે કર્મના ઉદયથી નીચ ગોત્રમાં જન્મ મળે તે **નીચ ગોત્રકર્મ.**

| | | |
|---|---|---|
| ઉચ્ચ ગોત્ર આઠ ભેદે છે.- | ૩. બળ વિશિષ્ટતા | ૬. શ્રુત વિશિષ્ટતા |
| ૧. જાતિ વિશિષ્ટતા | ૪. રૂપ વિશિષ્ટતા | ૭. લાભ વિશિષ્ટતા અને |
| ૨. કુળ વિશિષ્ટતા | ૫. તપ વિશિષ્ટતા | ૮. ઐશ્વર્ય વિશિષ્ટતા. |

નીચ ગોત્ર કર્મ એનાથી વિપરીત જાણવું.

## અંતરાય કર્મ

આત્મામાં દાનાદિ પાંચ લબ્ધિઓ (શક્તિઓ) છે. તેમને અટકાવવાનું -રોકવાનું વિઘ્ન કરવાનું કાર્ય અંતરાય કર્મ કરે છે. દાનાદિ લબ્ધિઓ પાંચ છે તેથી અટકાવનાર અંતરાય કર્મ પણ પાંચ પ્રકારે છે.-

૧. જે કર્મના ઉદયથી શક્તિ અને સંયોગ હોવા છતાં... દાનના મહિમાને જાણવા છતાં, દાન આપવાનો ઉત્સાહ ન થાય તે **દાનાંતરાય કર્મ**. કપીલા દાસી.

૨. જે કર્મના ઉદયથી પાત્રતા-યોગ્યતા હોવા છતાં વસ્તુની પ્રાપ્તિ ન થાય તે **લાભાંતરાય કર્મ.** આદિનાથ પ્રભુ, ઢંઢણ મુનિ.

૩. જે કર્મના ઉદયથી સર્વ ભોગ સામગ્રી ઉપલબ્ધ હોવા છતાં જીવ ભોગવી ન શકે તે **ભોગાંતરાય કર્મ.** મમ્મણ શેઠ.

૪. જે કર્મના ઉદયથી સર્વ ઉપભોગની સામગ્રી ઉપલબ્ધ હોવા છતાં જીવ એનો ઉપભોગ ન કરી શકે તે **ઉપભોગાંતરાય કર્મ.**

જે વસ્તુને એક વખત જ ઉપયોગમાં લઇ શકાય અથવા ભોગવી શકાય તે ભોગ. દાત. ખાદ્ય સામગ્રી, પુષ્પ વિગેરે.

જે વસ્તુને વારંવાર અથવા અનેકવાર ભોગવી શકાય તે ઉપભોગ. દા.ત. મકાન, ગાડી, વસ્ત્ર વગેરે.

૫. જે કર્મના ઉદયથી યુવાન હોય... નિરોગી હોય છતાં બળ ફોરવવાનું મન ન થાય તે **વીર્યાંતરાય કર્મ.**




સાંજનો સમય થાય...

સૂર્ય અસ્તાચલ તરફ જાય...

બહાર રમતા બાળકો ભેગા થાય... દીવા-બત્તી કરીને દાદા-દાદીને ઘેરી વળે... અમને વાર્તા કહોને એવી જીદ કરતા અને દાદા-દાદી પ્રેમથી એમને ધર્મકથા દ્વારા સરળતાથી ધર્મબોધ આપતાં.

આ છે આપણી આર્ય સંસ્કૃતિની વાત. આજે પશ્ચિમની હવામાં આપણી રહેણી કરણી બદલાઇ ગઇ. ઘરમાં દાદા-દાદીની હવે જરૂર રહી નથી. ધર્મકથામાં કોઇને રસ નથી. ધર્મ કથાનું સ્થાન ઘર ઘરમાં ટી.વી.એ લઇ લીધુ છે...

સાંજ પડેને નવી નવી ચેનલ પર નવી નવી સિરિયલ જોવા ટીવી. સામે નાના-મોટા બધા ગોઠવાઇ જાય. વાસ્તવિક જીવનમાં અશક્ય કાલ્પનિક દુનિયાના... સ્વપ્નની દુનિયાના કાર્યક્રમ બધા નિહાળે અને એનું અનુકરણ કરવા એને મેળવવા આજનો માનવી આકાશ-પાતાળ એક કરી નાંખે... જીવનમાં દોડાદોડ કરી દે... પણ જીવનની છેલ્લી ઘડી સુધી દોડવા છતાં હાથમાં કશુ જ ન આવે અને મન અશાંત બની જાય... હિંસાથી ઘેરાઇ જાય તે નફામાં...!

આવી બરબાદીથી સ્વ અને સ્વજનના આત્માને બચાવવા, જીવનના સત્ય અને વાસ્તવિકતાને સમજવા તથા સમજાવવા શાસ્ત્રોએ શ્રાવકના નિત્યક્રમમાં સ્વજનોને ભેગા કરીને ધર્મચર્ચા અને ધર્મોપદેશ કરવાની વાત કહી છે. ધર્મ કથા વાસના-વિકારની ઉત્તેજનાને શાંત કરે છે. અસદ્ માર્ગથી આત્માને પાછો વાળે છે... સદાચાર સંપન્ન બનાવે છે, પરિવારમાં એક-બીજા પ્રત્યે પ્રેમ -લાગણી અને મૈત્રીની ભાવના મજબૂત કરે છે.

**જીવનમાં શાંતિ અને પ્રસન્નતાનું વાતાવરણ નિર્માણ કરવા-ટકાવી રાખવા ધર્મકથા અનીવાર્ય છે.**

## સ્વજનોને ધર્મોપદેશ

**सव्वनुणा पणीअंतु, जईधम्मं नाव गाहए । इहलोह परलोहअ,तेसिं दोसेण लिम्पई ।।**

સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ એમ કહેલું છે કે સ્વજન લોકોને જો ધર્મ ન પમાડે તો આલોકમાં અને પરલોકમાં તેઓના કરેલા પાપથી પોતે જ લેપાય તેથી ધર્મ તત્વને જાણનાર શ્રાવકે ઘરના બધા સદસ્યોને

ભેગા કરી ધર્મદેશના આપવી જોઇએ. ધર્મ પમાડવો જોઇએ. સ્ત્રી-પુત્રાદિક ઘરનાં કામકાજમાં ફુરસદ નહીં મળવાથી અને ચપલાઇથી કે પ્રમાદના બહુલપણાથી ગુરુની પાસે આવી ધર્મ સાંભળી શકતા નથી તો પણ પોતે દરરોજ તેઓને ઉપદેશ કરતો રહેતો હોય તો તેથી તેઓ પણ ધર્મ યોગ્ય થાય છે અને ધર્મમાં પ્રવર્તે છે.

ધન્યપુરના રહેવાસી ધના શેઠ ગુરુના ઉપદેશથી સુશ્રાવક થયા. તેઓ દરરોજ સાંજના પોતાની સ્ત્રી અને ચાર પુત્રોને ઉપદેશ આપતા હતા. ધનાશેઠના ધર્મોપદેશથી તેમની સ્ત્રી અને ત્રણ પુત્ર બોધ પામ્યા પણ ચોથો પુત્ર નાસ્તિક હોવાથી પુણ્ય-પાપ કયાં છે એમ બોલતો બોધ પામતો નથી તેથી ધનાશેઠ તેને બોધ પમાડવાની ચિંતામાં હતા એક દિવસ તેમના પડોસમાં રહેતા કોઇ વૃદ્ધ શ્રાવિકાનો અંતિમ સમય નજીક જાણી ધનાશેઠે નિર્યામણા કરાવી (અંતિમ આરાધના કરાવી) અને કહ્યું કે ''તું દેવ થાયતો મારા પુત્રને ધર્મ પમાડજે તે વૃદ્ધ શ્રાવિકા મરણ પામીને સૌધર્મ દેવલોકમાં દેવી પણે ઉત્પન્ન થઇ તેણે પોતાની દેવઋદ્ધિ દેખાડીને શેઠના પુત્રને પ્રતિબોધ પમાડ્યો. ધનાશેઠની જેમ બધાએ પોતાના પરિવારને સાંજે ભેગા કરી ધર્મોપદેશ આપવો કર્મવશ કદાચ કોઇ બોધ ન પામે તો પણ ધર્મદેશના દેનારને એકાંતે લાભ જ થાય છે.

## સ્વાધ્યાય

પ્રતિક્રમણ કર્યા પછી ગુરુની વિશ્રામણા (સેવા) કરે સેવાથી નિવૃત્ત થઇને શ્રાવક સ્વાધ્યાય કરે શ્રાવક પોતાની બુદ્ધિ અનુસાર પૂર્વે શિખેલા દિનકૃત્યાદિક શ્રાવકવિધિ જીવ-વિચાર, નવતત્ત્વ, કર્મગ્રંથ, બાર ભાવના, પુણ્યપ્રકાશ આદી સૂત્રાદિકનું પરાવર્તન (ગણવું) રૂપ સ્વાધ્યાય કરે સ્વાધ્યાય દરમ્યાન ગણાતા સૂત્ર કે ઢાળોના અર્થની વિચારણા કરીને સ્વયંના આત્માને અનુરૂપ હિત શિક્ષા આપે પોતાની જાતને સમજાવીને સંસારના વૈરાગ્યને મજબુત બનાવે અને ધર્મ આરાધનામાં પોતાને વધારેને વધારે ઉદ્યમવંત કરે. આવા પ્રકારનાં સ્વાધ્યાયથી, સ્વાધ્યાય કરનાર તેમજ સ્વાધ્યાય સાંભળનાર બન્નેનું એકાંતે કલ્યાણ જ થાય છે.

અવંતીસુકુમાલ આદિ ધર્માત્માઓને સ્વાધ્યાય સાંભળવાથી જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું હતું. અને સંયમના પંથે પ્રયાણ કર્યું હતું. જૈન શાસનના મહાન આચાર્ય હરિભદ્રસૂરિ પણ સ્વાધ્યાય સાંભળીને જ સંયમ સ્વીકારવા પ્રવૃત્ત બન્યા હતા. આવો સ્વાધ્યાય આપણા જીવનનું એક અંગ હોવું જ જોઇએ.

ધર્મદાસ નામનો શ્રાવક દરરોજ સંધ્યાનું (દેવસિક) પ્રતિક્રમણ કરીને સ્વાધ્યાય કરતો હતો એક દિવસ ધર્મદાસ શ્રાવકે પોતાના પિતા જે સુશ્રાવક છે પણ એમની પ્રકૃતિ ક્રોધીષ્ટ છે એમને ક્રોધ ત્યાગનો ઉપદેશ આપ્યો તેથી તે કોપાયમાન થયા હાથમાં એક લાકડું ઉઠાવી મારવા દોડ્યા પણ રાત્રીનું અંધારૂ હોવાથી ઘરના થાંભલામાં તેમનું મસ્તક અફળાયું જેથી તે તત્કાળ મરણ પામ્યા. અને સર્પપણે ઉત્પન્ન થયા. એક વખત તે કાળો સર્પ પુત્રને દંશ કરવા આવે છે તે વખતે સ્વાધ્યાય કરતા ધર્મદાસના મુખેથી

નીચે જણાવેલ ગાથા નિકળે છે

**तिव्वंपि पुव्वकोडी, कयंपि सुकयं मुहुत्तमित्तेण । कोहग्गी हओ हणिक, हहा हवइ भवदुगे विदुहा ।।**

ક્રોધરૂપી અગ્નિથી ગ્રહાયેલો પુરુષ, પૂર્વ ક્રોડ વર્ષના કરેલા સુકૃતને બે ઘડી માત્રમાં બાળી નાંખે છે. અને હા હા ઇતિ ખેદે ! તે પ્રાણી બન્ને ભવમાં દુઃખી થાય છે.

આવો ક્રોધનો અભિપ્રાય સાંભળીને તત્કાળ તે સર્પને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી વૈરભાવ છોડીને અણસણ આદરીને કાળધર્મ પામીને સૌધર્મ દેવલોકમાં દેવ થયો. પછી પોતાના પુત્રને સર્વ કાર્યકારી થયો ધર્મદાસ શ્રાવક પણ એક વખત સ્વાધ્યાય કરતાં ધ્યાનમાં લીન થઇ ગયો... જેથી ગૃહસ્થ પણે જ કેવળજ્ઞાન પામ્યા.

આ દૃષ્ટાંતથી સ્વાધ્યાય ઘણો જ લાભકારી છે. એમ જાણી એમાં જ પ્રવૃત્તિ કરવી જોઇએ.

જેનાથી ઉપવાસાદિ તપ ન થાય એ આરાધક સ્વાધ્યાયાદિ દ્વારા પોતાની આલોચના ઉતારી શકે છે. એક ઉપવાસ બરાબર ૨૦૦૦ ગાથાનો સ્વાધ્યાય શાસ્ત્રકારો જણાવે છે.

સ્વ+અધ્યાય એટલે સ્વાધ્યાય. પોતાની જાતને... આત્માને ભણાવવું તે સ્વાધ્યાય છે. અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરતા આત્માને 'સ્વાધ્યાય' ના અભ્યંતર તપ દ્વારા કર્મ નિર્જરાના માર્ગે આગળ વધારી સદ્ગતિ અને પરંપરાએ સિદ્ધગતિના સ્વામિ બનાવવા પ્રચંડ પુરૂષાર્થ આદરીએ.

## સ્વાધ્યાય

રાજા ગામને કાબુંમાં રાખે છે... સમ્રાટ દેશને કાબુમાં રાખે છે..

ચક્રવર્તી છ ખંડ ઉપર પ્રભુત્વ ધરાવે છે... જગતમાં કોઇ ઉપર પણ કાબુ રાખવો આસાન છે. પ્રભુ કહે છે – **''દુર્લભ છે પોતાના આત્મા ઉપર કાબુ મેળવવો.''**

અન્યનું અનુશાસન કરવું ખૂબ સહજ છે, પરંતુ ખુદના આત્મા ઉપર અનુશાસન કરવું અત્યંત કઠીન અને દુષ્કર છે.

જિન શાસન પામેલો શ્રાવક અને સાધુ દિવસ પૂર્ણ થયે આવશ્યક ક્રિયા (પ્રતિક્રમણ) બાદ સ્વાધ્યાય કરે. પોતાના આત્માનું અનુશાસન કરે.

સ્વાધ્યાય એ શ્રુતસાગરની ભક્તિ છે.

આકાશ જેમ અનંત તેમ જ્ઞાન સાગર પણ અનંત. અનંતને પ્રકાશક શ્રુતસાગર-શ્રુતસાગરની મસ્તી કિનારેથી માણી ન શકાય. એ તો એકાદ તરંગની હોય શીતળતાનો અનુભવ કરાવી ચાલી જાય.

શ્રુતસાગરમાં એના સ્વાધ્યાયમાં મરજીવા બની ડુબકી મારે એને શ્રુતસાગરમાંથી રત્નો મળે. બાકી સાગરના કાંઠે બેસી સાગરની હવા ખાવી છે તેને તો છીપલા જ મળે.

જ્ઞાન તો જે આરાધે તેનું સંપત્તિ વારસામાં આપી શકાય છે. જ્ઞાન વારસામાં આપી શકાતું નથી. પુરૂષાર્થ કરીને મેળવાય છે.

# વિરતિ પાટિકા

# સામાયિક વ્રત

પુણ્યાનુબંધી પુણ્ય જાગે....

જીવ શ્રાવક બનવા માગે...

પ્રથમ સમ્યગ્દર્શન પામે....

પછી પાંચ અણુવ્રતો જીવનમાં આવે ઉત્તર ગુણોને જીવનમાં ખીલવતા ત્રણ ગુણવ્રતો આવે...

એમ ધીમે ધીમે આગળ વધતા જીવ સાધુ જીવનના આસ્વાદન રૂપ ચાર શિક્ષા વ્રતોમાં પ્રવેશ કરવા તલસે છે. આ શિક્ષાવ્રતોમાં પ્રવેશ સામાયિક વ્રત દ્વારા થાય છે.

જેમાં સમતાની આવક છે એને સામાયિક કહેવામાં આવે છે. જીવ જેમ સામાયિકની આરાધનામાં આગળ વધે છે તેમ તેમ એના જીવનમાં સમતાની વૃદ્ધિ થતી જોવા મળવી જોઇએ. સમતા આવે તો જ સામાયિકની સાચી સફળતા છે. એક પણ શુદ્ધ સામાયિક આત્માને નરકાદિ દૂર્ગતિમાંથી બચાવે છે.

શ્રેણિક મહારાજાને જ્યારે પોતે નરકમાં જવાના છે એ વાતનો ખ્યાલ આવ્યો ત્યારે પરમાત્મા મહાવીર પાસે જઇને એમણે નરક ગતિને ટાળવા માટેના ઉપાયો પૂછ્યા. પ્રભુએ બતાવેલા ઉપાયોમાં એક ઉપાય સામાયિકનો હતો. પ્રભુ મહાવીરસ્વામીએ શ્રેણિક મહારાજાને કહ્યું – ''જો પુણિયો શ્રાવક તમને એક સામાયિકનું ફળ આપે તો તમારો નરક ટળે.''

આવી ઉત્કૃષ્ટ કોટીની સાધના આપણને પૂર્વ જીવનના કોઇ મહાન પુણ્યના ઉદયથી પ્રાપ્ત થઇ છે. આવા સમયે આપણે પ્રમાદ કરીએ એ યોગ્ય ન જ ગણાય. આળસ છોડી... સામાયિકની સાધનામાં આપણે લાગી જવાનું છે. આપણી સામાયિક શુદ્ધ બને એ માટે પણ સાવધાન બનવાનું છે. સામાયિકને શુદ્ધ કરવા સામાયિકના અતિચાર અને દોષોને જાણવા જોઇએ. જીવનમાંથી વીણી વીણીને એ દોષોને દૂર કરવા પુરુષાર્થ આદરવો જોઇએ. શુદ્ધ સામાયિકમાં રહેલો શ્રાવક સાધુ જેવો કહેવાય છે. વધારે શું કહીએ ? સામાયિક એ અડતાલીસ મિનિટનું સાધુ પણું છે.

**સામાઇઅમ્મિ ઉ કએ, સમણો ઈવ સાવઓ હવઈ જમ્હા ।।**
**એ એણ કારણેણં, બહુસો સામાઇઅં કુજ્જા ।।**

નવા આવતા કર્મોને અટકાવવા... પૂર્વના કર્મોને ખપાવતા એવા આ અમુલ્ય સામાયિક વ્રતને સમજીને જીવનમાં સ્વીકારવા તત્પર બનીએ.

ચાર શિક્ષાવ્રતમાં પહેલું સામાયિક વ્રત છે. જે રાગદ્વેષ રહિત એટલે સમતા ભાવનો લાભ જેનાથી થાય તેને જ સામાયિક કહેવાય. એ નવમાં સામાયિક વ્રતને સમ્યક્ પ્રકારે કરતાં પાંચ અતિચાર લાગે છે. તેની શુદ્ધિ કરવી જોઇએ. આ પાંચ અતિચાર નીચે પ્રમાણે છે -

૧. પ્રથમ સામાયિક કરતાં મનમાં આર્તધ્યાન, રૌદ્રધ્યાન આહટ્ટ-દોહટ્ટ, ચિંતવીને મનોદુઃપ્રણિધાન કરે તે **મનોદુઃપ્રણિધાન** નામે અતિચાર છે.

૨. વચને કરી તું અમુક સ્થાને જા, તું ઇહાં આવ, તું આ ચીજ લેં, તું મને આ ચીજ આપ, તું અમુક વસ્તુ અહીં આણ, તું આ ચીજ અહીં મુક એવું સાવદ્ય એટલે પાપસહિત વચન બોલ્યું હોય, તથા ઉઘાડે મુખે વાત કરી હોય, પદ અક્ષરાદિક અશુદ્ધ સામાયિકમાં બોલીએ તે **વચન દુઃપ્રણિધાન** અતિચાર જાણવો.

૩. કાયાએ કરી અણપુંજે, અણપ્રમાર્જે સ્થાન ઉપર બેસે તથા શરીર ને પૂંજ્યા-પ્રમાર્જ્યા વિનાં ખમાસણાં વાંદણાં આપે. સામાયિકમાં પોતાના શરીરના અવયવ જે હાથ-પગ પ્રમુખ તથા બેસવાનું આસન પ્રમુખ છે તેને હલાવ્યા કરે, ભીંત ને પુંઠ લગાડી બેસે તે **કાય-દુઃપ્રણિધાન** અતિચાર જાણવો.

૪. ચોથો સામાયિક કરવાનો સમય હોય, તેમ છતાં સામાયિક ન કરે અથવા કરીને વીસારી મુકે, સામાયિકના સૂત્ર ઉચ્ચર્યા કે નથી ઉચ્ચર્યા, પાળયું કે નથી પાળયું એવી વિસ્મૃતિ પ્રબલપ્રમાદના ઉદયથી રાખે તે સામાયિક **અકરણનામા** અતિચાર અથવા **સ્મૃતિવિહીન** અતિચાર જાણવો.

૫. અનવસ્થિત અતિચાર તે સામાયિક કરતાં વેલા અવેલા જુવે નહીં તથા સામાયિકનો બે ઘડીનો કાલ પૂર્ણ કરવો જોઇએ તે બે ઘડી પૂર્ણ થઇ ન હોય તે વિના પારે એટલે બે ઘડી પૂરી ન કરે અને કરે તો જેમ તેમ કરે, ઉતાવળથી પારે એ પાંચમો **અનવસ્થિત** અતિચાર જાણવો.

તથા સામાયિક કરીને પછી આમ-તેમ પરિભ્રમણ કરે, સામાયિકમાં નિદ્રા કરે, દેશકથાદિક વિકથાઓ આદિ પ્રમાદ કરે, શુન્યપણે સામાયિક કરે, સચિત્ત વસ્તુનો સંઘટ્ટો થયે ઇરિયાવહી પડિક્કમે નહીં તથા કણ, કપાસિયા, ફૂલ, ફલ પાન અને સ્ત્રી-પુરુષ આદિનો સંઘટ્ટો થયો હોય એ નવમા સામાયિક વ્રતને વિષે અતિચાર જાણવા. સામાયિકમાં મન-વચન-કાયાના બત્રીસ દોષ લાગવાની સંભાવના હોય છે. આ દોષ નીચે મુજબ છે-

## મનના દસ દોષ

(૧) મનમાં વિવેક ન ધરે. (૨) યશકીર્તિની વાંચ્છા રાખે. (૩)મનમાં ધનની વાંછા રાખે. (૪) મનમાં ગર્વ આણે. (૫) બીતો બીતો સામાયિક કરે. (૬) ધન પામવાનું નીયણું કરે. (૭) સંશય સહિત સામાયિક કરે. (૮) મનમાં રીસ ધરતો સામાયિક કરે. (૯) અવિનીતપણે સામાયિક કરે. (૧૦) ભક્તિ રહિત થઇ સામાયિક કરે.

## વચનના દસ દોષ

(૧) સહસાત્કારે અણવિચાર્યું બોલે. (૨) કોઇને જુઠુ આલ આપે. (૩) અપેક્ષા વિના સ્વેચ્છાએ બોલે.

(૪) કુવચન બોલે (૫) સૂત્ર ભણતાં વચન સંક્ષેપે (૬) સાધર્મી સાથે કલહ કરે. (૭) દેશાદિ ચાર વિકથા કરે. (૮) પરની હાંસી મશ્કરી કરે. (૯) પદ સંપદાએ અશુદ્ધ સૂત્ર ભણે. (૧૦) ઉતાવળું મુષમુષ બોલે.

## કાયાના બાર દોષ

(૧) વસ્ત્રે અથવા હાથે પલાંઠી વાળી બેસે (૨) આસન આઘુ-પાછું હલાવે (૩) દૃષ્ટિ ચપલપણે ચારે દિશે જોયાં કરે (૪) કાંઇ સાવદ્ય કાર્ય કરે. (૫) થાંભલે તથા ભીંતે ટેકો લઇ બેસે. (૬) અંગોપાંગ સંકોચે, વિસ્તારે (૭) આલસ મોડે (૮) કરળકા મોડે. (૯) શરીરનો મેલ ઉતારે. (૧૦) ખાજ ખણે. (૧૧) સર્વ અંગ વસ્ત્રથી ઢાંકે. (૧૨)અંગ ઉઘાડું મૂકે. સર્વ મળીને બત્રીસ દોષ થયા તેને ત્યજીને સામાયિક કરવું તે શુદ્ધ છે.

અહિં શિષ્ય ગુરુને પૂછે છે કે, ''હે ભગવાન ! સામાયિક લઇને પછી સર્વથા મનનો સંવર તો કરી શકિયેં નહીં અને મનના કુવ્યાપારે તો અવશ્ય સામાયિક ભાંગે, તેથી એક તો મનના કુવ્યાપારનું પાપ લાગે અને બીજો સામાયિકનો ભંગ થાય. વળી તેનું પ્રાયશ્ચિત લેવું પડે, માટે અવિધિયેં જે સામાયિક કરવું તે કરતાં નહીં જ કરવું તે ભલું છે.''

ગુરુ ઉત્તર આપે છે, ''હે શિષ્ય સામાયિક તો અવશ્ય કરવું કેમ કે સામાયિક જે લેવાય છે, તે દુવિહં તિવિહેણં એટલે મન વચન કાયાયેં કરી સાવદ્ય વ્યાપાર ન કરવું ન કરાવવું. એવે ભાંગે લેવાય છે. એમાં છ નિયમ આવે છે. તેમાંથી કોઇવારે કદાચિત્ત એક નિયમનો ભંગ થાય, તો પણ પાંચ તો અખંડિત રહે, અને મનના કુવ્યાપારથી જે પાપ લાગે તેનું મિચ્છામિ દુક્કડં દેવાથી છુટિયેં છીએ માટે સામાયિક અવશ્ય લેવું. અને તે લઇને પછી જેમ બને તેમ તેને શુદ્ધ પારવાનો ખપ કરવો કારણ કે આ કાલમાં દીક્ષા અને સામાયિક જે છે તે અભ્યાસ માત્ર છે. અને અભ્યાસ કરતાં કરતાં કોઇ વખતે શુદ્ધ ચારિત્રનો પણ લાભ થાય. તેથી સામાયિક ન જ કરવું તે યોગ્ય નથી. વળી સાતિચાર જે અનુષ્ઠાન છે તે પણ અભ્યાસ કરતાં કાલે કરી નિરતિચાર પણે થાય છે, એમ પૂર્વાચાર્યો કહે છે. અને વળી અભ્યાસ જે છે તે જન્માંતરમાં પણ માણસની પછવાડે ચાલતો આવે છે. માટે સામાયિકનો અભ્યાસ અવશ્ય કરવો જેમ ગ્રહણ કરવાના પાત્રમાં એક વખત પડેલો ઉદક બિંદુ (પાણીની બૂંદ) મહત્તા ને પામતો નથી. તેમ મનના સદોષ પણાયેં કરી સમાયિક કરવું તે પણ અત્યંત દોષની મહત્તાને પામતું નથી. કારણ કે તેની ''મિચ્છામિ દુક્કડં''થી શુદ્ધિ છે. માટે અવિધિયેં કરવાને બદલે સામાયિક ન જ કરવું તે ભલુ એવું બોલવું અસૂયાવચન છે. કહ્યું છે કે -

**અવિહિયકયા વરમકયં, અસૂયવચના ભણંતિ સમણુંણં ॥**
**પાયચ્છિત જમ્હા, અકયે ગુરુઅં કએ લહુઅં ॥**

કેમ કે પ્રાયશ્ચિત જે છે તે અણાલોયું મોટું થાય છે. આલોચના લેવાથી હળવું થાય છે. મન સંબંધિ જે માઠું ધ્યાન છે તેની મિચ્છામિ દુક્કડંથી શુદ્ધ થાય છે.

બાર મહિનામાં... (સંખ્યા ધારવી) સામાયિક કરીશ. આવો નિયમ કરવાથી આપણે સામાયિક વ્રતના આરાધક બનીએ છીએ.

# ૧૦ દેશાવગાસિક વ્રત

શ્રાવક જીવન વ્રતોથી શોભાયમાન છે...

વ્રતોની શ્રૃંખલામાં આગળ વધતાં આજે આપણે દશમાં દેશાવગાસિક વ્રતની કાંઇક વિચારણા કરવાની છે. શ્રાવક જીવનને પામીને પણ સંસારમાં જે જીવો પોતાનો પરિગ્રહ અને વ્યાપારાદિના પસારા વધારે છે. જેના કારણે સર્વત્ર આવાગમન વધે છે સાથે સાથે કર્મબંધનમાં પણ વૃદ્ધિ થતી જાય છે. એથી જ આ શિક્ષાવ્રતમાં સર્વ વ્રતો અને સર્વ નિયમોનો ધીમે ધીમે સંક્ષેપ કરવાની ટકોર કરવામાં આવી છે.

શ્રાવકનું લક્ષ્ય તો સાધુપણાનું જ હોય તેથી સંસારમાં સમય થતાં એ પોતાની બાજી સંકેલવા માટે ધીમે ધીમે પ્રયાસ કરે અને અંતે સંસારને સલામ કરી સહીસલામત એમાંથી બહાર નિકળી શ્રમણ જીવનની સાધનામાં લાગી મળેલા ભવને સફળ બનાવવા પુરુષાર્થ આદરે.

આવો ! આ વ્રતને જાણી-સમજી એના અતિચાર ઓળખી શુદ્ધ વ્રતની સાધના માટે ઉદ્યમવંત બનીએ....

છઠ્ઠા દિશિવ્રતને વિષે જે દિશાઓનું પ્રમાણ જાવજીવ સુધી કરેલું હોય તેને પણ પ્રતિ દિવસ સંક્ષેપ કરે. જેમકે એક દિશામાં પાંચસો યોજન જવાનો નિયમ કરેલો છે, તેમાંથી આજ મારે એ દિશામાં જવું પડે તો બે ગાઉ પર્યંત જ જવું, ઉપરાંત નહીં જવું. એવી રીતે સંક્ષેપ કરી ને નિયમ કરવો. તેમજ બીજા જે પ્રાણાતિપાતાદિક વ્રતો તેને પણ સંક્ષેપીને પ્રતિદિવસે મર્યાદા કરવી કે આજ મારે અમુક આરંભ આટલોજ કરવો. ઉપરાંત ન કરવો. જાવજીવ સુધી લીધેલા દિગ્વિરમણ વ્રતમાં જેટલા યોજન સુધી જવાનો નિયમ લીધો છે તેમાં પણ એક દેશનો આવકાશ એટલે ગમનાગમનની છૂટ રાખીને શેષ રહેલો પ્રદેશ તે પુનરવિ નિયમમાં લેવો એમ પ્રતિદિન કરવું.

જેમ કોઇ મંત્ર વાદી ગારુડી, પ્રથમ આશીવિષનો ધરનાર જે સર્પતેહનું બાર યોજન પ્રમાણ દેશમાં જ આણી રાખે એટલે સ્વલ્પ ક્ષેત્રમાં જ આણી રાખે અથવા આખા શરીરમાં વિષ વ્યાપ્યું હોય, તે વિષને એક અંગુલીના એકજ ભાગમાં આણી રાખે તેમ એ વ્રતી પણ સો યોજન (માઇલ) પ્રમુખ એક-એક દિશાને આશ્રયી જાવજીવ સુધી ગ્રહણ કરેલું જે દિગ્વ્રત જેહના ઘર, શય્યા સ્થાનકાદિકથી ઉપરાંત આગલ જવાનાં નિષેધ રુપ વ્રત છે, તેને સંક્ષેપીને એક ગાઉ આદિ એક દેશ જેટલી છૂટ રાખે ઉપરાંત જવાનો પ્રતિદિવસ નિયમ કરે તથા કાલ આશ્રયી પણ જે મૂળ પ્રમાણ રાખ્યું છે તેને સંક્ષેપે, તેમાં બે ઘડી, પહોર, દિવસ, રાત્રિ, પ્રમુખ કાલ સુધી જાવું આવવું, ખાવું પીવું એમ સર્વ ભોગ ઉપભોગનો લેવડ દેવડનો નિયમ તે ક્ષેત્રની મર્યાદાયે કરે ઉપરાંત અધિક ન કરે. એમ દિવસ, રાત્રિ, પાંચ દિવસ, પન્નર દિવસ પર્યંત વ્રત દઢ પણે ધારવું તેને દેશાવગાસિક વ્રત કહેવાય.

એ વ્રતને વિષે અનાભોગાદિકે કરી જે પાંચ અતિચારો લાગે છે તેના નામ કહે છે - (૧) આનયન પ્રયોગ અતિચાર (૨) પ્રેષણ પ્રયોગ અતિચાર (૩) શબ્દાનુપાત અતિચાર (૪) રુપાનુપાત અતિચાર (૫) બાહ્ય પુદ્ગલપ્રક્ષેપ અતિચાર.

(૧) દેશાવગાસિક કરતાં નિયમ કરેલી ભૂમિકાની બહારની કોઇ ચીજ હોય, તેની ગરજ પડવાથી ત્યાંથી બીજા કોઇ પાસે તે વસ્તુને મંગાવે તે પ્રથમ આનયન પ્રયોગ અર્થાત આનયન તે કોઇ ચીજનુ કોઇ જગાથી આપણી પાસે મંગાવવું તેની યોજના કરી તે **આણવણપ્પયોગ અતિચાર** જાણવો.

(૨) તેવી જ રીતે નિયમ કરેલી ભૂમિકાથી બાહરની ભૂમિકાથી કોઇ જનાર માણસની સાથે કોઇ વસ્તુ મોકલાવી આપે તે પ્રેષણ પ્રયોગ એટલે આપણી પાસે જે ચીજ હોય તે કોઇ નિમિત્તથી બીજે ઠેકાણે મોકલાવી આપે તેની યોજના કરવી તે બીજો **પેસવણપ્પયોગ અતિચાર** જાણવો.

(૩) શબ્દાનુપાત તે પોતાના નિયમિત ક્ષેત્રની બહારની ભૂમિમાં કોઇ માણસ ચાલ્યો જતો હોય અને વ્રતીને પણ કોઇ નિયમ લીધેલા ક્ષેત્રની બહારનું કામ હોય, ત્યારે તે માણસ નિયમિત ભૂમિકાની બાહર છે તેથી તેને તેડવા માટે જવાય નહીં તેથી પોતે જેમ માર્ગે જતા આવતા સર્વ લોક એને દેખે તેવી રીતે અગાશી ઉપર અથવા છજ્જા ઉપર ઉભો રહી ને ઉંચે સાદે કરી ખાંસી ખાય અથવા ખોંખારો અથવા હુંકારો કરે અથવા નાકમાં દોરો છાલી છીંકે તેથી માર્ગે જતો માણસ તે શબ્દ સાંભળીને એને જુએ જ્યારે બન્નેનો દ્દષ્ટીમિલાપ થાય ત્યારે તે માણસ ચાલીને તેની પાસે આવે. તેની સાથે પોતાની કામ સંબંધી વાતચિત કરી લે. એટલે ખાંસી, છીંક આદિના શબ્દને અનુપાત એટલે અનુસારે જે બીજા માણસને પોતાનું ધારેલું કાર્ય કરવા માટે તેડાવે તે **શબ્દાનુપાત** નામેં ત્રીજો અતિચાર જાણવો.

(૪) ગાઢે ગુણેં કરી રૂપ દેખાડવું, તે એમ કે માળ પ્રમુખ ઉપર ચઢીને એવી રીતે ઉભો રહેવું કે જેથી નિયમ ભૂમિની બહાર જનારો માણસ તેનું રૂપ અવશ્ય દેખે અને આવીને મળે. એવી રીતે જે રૂપના અનુસારથી પોતાપણું બીજાને જણાવવું તે ચોથો **રૂપાનુપાત** નામે અતિચાર જાણવો.

(૫) પુદ્ગલપ્રક્ષેપ, જે કાંકરી પાષાણ પ્રમુખ તેનો પ્રક્ષેપ કરીને એટલે નાખીને પોતાની નિયમ ભૂમિથી બહાર જતા માણસને આપણાપણું છતું જણાવે, જેથી તે માણસ આપણી પાસે આવે ત્યારે પોતાનું કાર્ય કરી લે તે **પુદ્ગલ પ્રક્ષેપ** નામનો પાંચમો અતિચાર જાણવો.

આ અતિચારો ટાળીને શુદ્ધ દેસાવગાસિક કરવું.

વર્તમાન સમયમાં દેસાવગાસિક વ્રતમાં એક પ્રતિક્રમણ સહિત દસ સામાયિક એક સાથે કરવાનો વ્યવહાર છે. ઓછામાં ઓછું એકાસણાનું વ્રત અપેક્ષિત છે.

વરસમાં........દેસાવગાસિક કરીશ એવો નિયમ લેવાનો હોય છે.

દેસાવગાસિક કરવાથી ચારિત્ર ગુણની વૃદ્ધિ અને શુદ્ધિ થાય છે. શિક્ષાવ્રત લેવાથી સર્વ વિરતિ તરફના ભાવ મજબૂત બને છે. જીવન નિર્મળ બને છે.

# ૧૧. પૌષધવ્રત

અગ્યારમું પૌષધવ્રત છે, જેને કરવા થી જીવ ધર્મના પુષ્ટિને ધારણ કરે છે, તેને પૌષધ કહેવાય છે. તે અવશ્ય અષ્ટમી આદિ પર્વને દિવસે કરવું, તેમાં રહેવું. એ પૌષધ આહારાદિ ભેદે ચાર પ્રકારનું છે. (૧) સર્વ ચાર પ્રકારના આહાર પરિહાર કરવો, તેને **આહાર પૌષધ** કહેવાય છે. (૨) સર્વથા પ્રકારે સ્નાનાદિક શરીરની શુશ્રુષા એટલે શોભા કરવાનો પરિહાર કરવો તે **શરીર સત્કાર પૌષધ** જાણવો. (૩) સર્વ પ્રકારે ઔદારિક વૈક્રિય મૈથુન તણો પરિહાર કરવો તે **બ્રહ્મચર્ય પૌષધ** જાણવું. (૪) પાપ સહિત જે હોય તેને સાવદ્ય કહિયે. તેવા વ્યાપારનો જે પરિહાર કરવો તેને **અવ્યાપાર પૌષધ** કહેવાય.

આ અગ્યારમાં પૌષધમાં પૌષધોપવાસવ્રતને વિષે જે અનાભોગાદિકે કરી પ્રમાદના પ્રસંગથી પાંચ અતિચાર લાગે તેના નામ આ પ્રમાણે -

(૧) શય્યા એટલે સર્વ શરીરે પૂરી થાય એવી લાંબી સર્વોપકરણ સહિત હોયતે સાડા ત્રણ હાથ પ્રમાણ જાણવી અને સંથારક એટલે પાટ કાંબલા આદિ જાણવા.તે તથા તેની ભૂમિ તેની પ્રતિલેખના કરી ન હોય; પ્રતિલેખના એટલે પોતાની દૃષ્ટિથી સારી પેઠે નિગાહ કરી જોવું. અને જો પ્રતિલેખના કરી હોય તો સારી રીતે કરી ન હોય, દુપ્પડિલેહિય એટલે કાંઇ કરી કાંઇ ન કરી એમ પ્રમાદ સહિત પ્રતિલેખના કરી હોય તે પ્રથમ અતિચાર જાણવો.

(૨) તેજ શય્યા સંથારા ને પ્રમાજર્યા ન હોય કદાપિ પ્રમાર્જન કર્યા હોય તો પણ દુપ્પમજ્જિય એટલે દોષયુક્ત કાંઇ પ્રમાજર્યા કાંઇ ન પ્રમાજર્યા એમ જેમ તેમ પ્રમાજર્યા હોય તે બીજો અતિચાર

(૩) ઉચ્ચારપાસવણભૂમિ એટલે લઘુનીતિ, વડીનીતિ તેના પાસવણ એટલે ત્યાગભૂમિનું પ્રતિલેખન ન કર્યુ હોય અથવા જો પ્રતિલેખન કર્યું હોય તો પણ જેમ તેમ કર્યું હોય તે ત્રીજો અતિચાર.

(૪) વડીનીતિ અને લઘુનીતિ કરવાની ભૂમિનુ પૂંજન-પ્રમાર્જન ન કર્યુ હોય અથવા જો કર્યું હોય તો જેમ તેમ કર્યું હોય તે ચોથો અતિચાર.

(૫) પૌષધોપવાસ એટલે પૌષધને વિષે ઉપવાસ કર્યો હોય તેનું (સમ્મંઅણણપાલણયા) સમ્યગ્ રીતે પાલના કરી ન હોય તે પાંચમો અતિચાર.

શય્યા તે ઉપકરણ સહિત સાડા ત્રણ હાથ લાંબી હોય અને ઉપાશ્રય તથા સંથારો કાંખલાદિક તથા સંથારો પાથરવાની ભૂમિ તથા મલ તે વડીનીતિ કરવાના થંડિલ અને મૂત્ર તે લઘુનીતિ કરવાનાં થંડિલની ભૂમિકા પ્રમુખ તેને દિવસે પ્રતિલેખ્યાં ન હોય, દૃષ્ટિયે કરી જોયા ન હોય તથા વસ્ત્રના આંચલ (છેડાએ)થી અથવા દંડાસનથી પ્રતિલેખ્યાં ન હોય અને પ્રમાજર્યા એટલે પૂંજ્યા ન હોય અથવા વિરુદ્ધ પરે કાંઇક પડિલેહ્યા પ્રમાજર્યા અનેકાંઇક ન પડિલેહ્યા -પ્રમાજર્યા હોય. પોસહમાં ઉપવાસ કરેલો હોય તે સમ્યક્ એટલે રૂડી રીતે સાચવ્યો ન હોય. ચાર પ્રકારના આહાર-અશન, પાન, ખાદિમ, સ્વાદિમ એમાંથી કોઇ

એક પણ આહાર કરવાની મનમાં વાંછા કીધી હોય. પોસહને દિવસે સ્નાનાદિક, મર્દનાદિક શરીરને સત્કાર કાર્યો હોય, શુશ્રુષા કરી હોય તથા અબ્રહ્મસેવા એટલે કુશીલ પણું સેવવું, પોસહ કરતા વ્યાપાર પ્રમુખ ધંધા રોજગાર આદિ, ઘરના કામકાજ સંબંધી વ્યાપાર કરવાની વાંચ્છા કીધી હોય તથા પોસહમાં પૂર્વે કરેલા સાવદ્ય કર્મ અથવા વ્યાપારનું સ્મરણ કર્યું હોય જેમકે મેં ફલાણો ધંધો કરીને આટલું ધન કમાવ્યું અને એવા એવા પ્રકારના સુખ ભોગવ્યા... અનાગત પ્રાર્થ્યા એટલે હવે પછી હું અમુક કાર્ય છે તે એવી રીતે કરીશ એવી પ્રાર્થના ઇચ્છા કરી હોય, પોસહમાં શરીરને ટાઢક કરવા માટે પાણી છાટ્યું હોય, આલોટા દીધા હોય, થાકી જવાથી આલોટ્યો હોય, પોસહમાં રહીને ભૂખ પ્રમુખની પીડાથી પારણાની સૂત્રણા કરે કે પોસહ પૂરું થતાં પ્રભાતે હું અમુક જાતિના આહારથી પારણું કરીશ. એવી યોજના કરી હોય અથવા એવી વિચારણા કરી હોય કે ક્યારે પૌષધ પૂરું થાય અને ક્યારે જમું.

પોસહ કરતાં દિવસે જે પગ લાંબા કરી સૂઇ રહે અથવા બેસી રહે, એવી રીતનો સંથારો કરે કે પોષધમાં તો રાત્રિની પોરસિ ભણાવીને પછી તો નહીં જ રહી શકાય, તો પણ કુકડીની પેઠે પગ પસારીને સંથારો કરવો જોઇએ તેને બદલે દિવસે જ લાંબે પગે સંથારો કરીને બેસે. પોસહમાં શ્લેષ્મ નાંખવાનું વાસણ ઉઘાડું રાખ્યું હોય જેમાં મક્ખી આદિ જીવો આવીને પડે તો અતિચાર લાગે. તથા ઉપાશ્રયથી નિકળતી વખતે આવસ્સહી અને ઉપાશ્રય મેં પેસતી વખતે નિસ્સહી કહેવી જોઇએ તે ન કહી હોય તો અતિચાર લાગે.

રાત્રે હજી પોરિસી ભણાવી ન હોય, ભણાવ્યા વિના જ સુઇ રહેવા માટે સંથારો કર્યો હોય તથા દીવા પ્રમુખના પ્રકાશનો સંઘટ્ટ થયો હોય.

આવા અતિચારો લગાડવાથી પૌષધ અશુદ્ધ બને છે. જે કર્મ નિર્જરા થવી જોઇએ એ થતી નથી. આત્માની નિર્મળતા પ્રાપ્ત કરવા માટે શુદ્ધિ જાળવવી અત્યંત આવશ્યક છે.

શુદ્ધ પૌષધ ધર્મની આરાધના એકાંત આત્માના હિતમાટે સાધકે કરવાની છે. પૌષધ સાધુતાના પ્રાપ્તિ માટેની સીડી છે. આવા પૌષધ બાર મહિનામાં કેટલા કરવા એનો નિયમ આ વ્રતધારી શ્રાવકે કરવાનો છે. ચાર પ્રહરના કેટલા પૌષધ અને આઠ પ્રહરના કેટલા પૌષધ થાય તે નક્કી કરી વ્રતનો સ્વીકાર કરવા પ્રબળ પુરુષાર્થ આદરવો જોઇએ. અનેક આત્માઓ આ આરાધના દ્વારા નિર્વાણ પદને પામ્યા છે.